# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૪ તા.૧૧-૧૨-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય:- શાળા બહારના બાળકોની ઓળખ-સર્વે કરવા બાબત.**

**સંદર્ભ:- સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા અભિયનના પત્ર ક્રમાંક:એસએસએ/ એએસ/ ૨૦૧૮/ ૩૮૮૯૦-૯૨૬ તા.૨૮/૦૮/૧૭**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની જોગવાઈ મુજબ ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.

જે બાળકો કદી શાળાએ ગયેલ નથી કે અધ્ધવચ્ચે શાળામાંથી ઉઠી ગયેલ છે તેવા બાળકોનું નજીકની શાળામાં વયક્ક્ષા મુજબના ધોરણમાં ફરજિયાત નામાંકન,શાળા બહારના તમામ બાળકોનું નામાંકન થયા બાદ વયક્ક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશીયલ ટ્રેનિગ સેન્ટરમાં આવરી લઇ મેઈન સ્ટ્રીમ કરવામાં આવે છે.

સર્વ શિક્ષા અભિયાન ટૂંક સમયમાં સમગ્ર શિક્ષા અભિયાન ના પરિપેક્ષમાં જઈ રહ્યું છે જેમાં ૪ થી ૧૮ વર્ષના બાળકો (પ્રી પ્રાયમરી થી ધોરણ-૧૨) નો સમાવેશ થનાર છે. જેના સંદર્ભમાં જોતા આ ૪ થી ૧૮ વર્ષની વયજૂથના શિક્ષણ થી વંચિત રહી ગયેલ બાળકોનો સર્વે પ્રોજેક્ટ સ્ટાફ અને એસ.એમ.સી. મારફત કરાવવાનો થાય છે.

વર્ષ:૨૦૧૮-૧૯માં જુદા-જુદા કારણોથી શાળા બહાર રહેલ ૪ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો કે જેઓ પોતાનું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી તેવા,

- તમામ બાળકોની ઓળખ કરી
- સી.આર.સી.ક્ક્ષાએથી એન્ટ્રી કરી
- નજીકની શાળામાં વયક્ક્ષા મુજબના ધોરણમાં નામાંકન
- નામાંકન થયા બાદ વયક્ક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ મળે

તેવા હેતુથી સદર વર્ષનો શાળા બહારના વિકલાંગ સહિતના બાળકોનો સર્વે પ્રોજેક્ટ સ્ટાફ અને એસ.એમ.સી. મારફત કરાવવાનો થાય છે. હાઉસ હોલ્ડ સર્વે ફ્રોર્મ નમુના (બીડણ-૧) મુજબ છે.

સર્વે ફ્રોર્મ અત્રેની કચેરીથી પુરા પાડવામાં આવશે. સર્વે ફ્રોર્મ તારીખ:૩૦/૧૧/૨૦૧૮ સુધી જરૂરિયાત મુજબ જીલ્લા/કોર્પોરેશન કક્ષએથી રેટ કોન્ટ્રાક્ટથી છપાવી/ઝેરોક્ષ અથવા ભાવપત્રક મંગાવી પ્રક્રિયા કરવાની થાય છે. આ સર્વે તા:૦૪/૧૨/૨૦૧૮ થી તા:૧૫/૧૨/૨૦૧૮ દરમિયાન કરવાનો થાય છે.

સર્વે પ્રક્રિયામાં Notified,Un Notified,Unserved Habitation,Slum Area(જંગલ વિસ્તાર,વાડી વિસ્તાર,ઔદ્યોગિક વસાહતો,ઝુંપડપટ્ટી,બસસ્ટેશન,રેલ્વેસ્ટેશન,આર્થિક પછાત વિસ્તાર) વિસ્તારના તમામ શાળા બહારના વિકલાંગ સહિતના બાળકોને આવરી લેવાના રહેશે. સર્વેમાં મળેલ બાળકોની વિગતો બી.આર.સી કક્ષાએ રાખવાના રહેશે અને ઓનલાઈન એન્ટ્રીની પ્રક્રિયા ડીસેમ્બર ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે.

<u>સર્વે પ્રક્રિયા માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે</u>

- કદીયે શાળાએ ન ગયેલ (Never Enrolled) બાળકોનો સર્વે કરાવવાનો રહેશે. શાળાના આધાર ડાયસની માહિતીમાંથી ડ્રોપઆઉટ બાળકોની માહિતી મેળવવાની રહેશે.
- જિલ્લાની તમામ શાળાઓના ડ્રોપઆઉટ બાળકોનો સમાવેશ કરવાનો રહેશે. જેમાં રીમાન્ડ હોમ, નારી સંરક્ષણ ગૃહ, સ્વેચ્છિક સંસ્થાના વર્ગોમાં આવરી લીધેલ બાળકોનો સમાવેશ કરવાનો રહેશે.
- શહેરી વિસ્તારમાં એકપણ વિસ્તાર છુટી ન જાય તેની તકેદારી રાખવી.
- <u>જે તાલુકા/ક્લસ્ટર/એસએમસીએ એકપણ બાળક શાળા બહારનું નથી તેવું પ્રમાણપત્ર આપ્યું હશે ત્યાં મોનીટરીંગ દરમ્યાન શાળા બહારનું બાળક મળશે તો રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત સબંધીતોની જવાબદારી નક્કી કરવામાં આવશે.</u>
- ઓનલાઈન એન્ટ્રી સી.આર.સી/યુ.આર.સી.ક્ક્ષાએથી કરવાની થાય છે. આ એન્ટ્રી બી.આર.પી. એ.એસ. દ્વારા કરવાની થાય છે.
- સર્વે માટે એસટીપી વર્ગના બાલમિત્રને વર્ગના સમય પહેલા કે પછી જોડાવાનું રહેશે.
- <u>પ્રોજેક્ટ સ્ટાફ સિવાય આચાર્ય, નિવૃત શિક્ષક, ગ્રામમિત્ર, આશા વર્કર, આંગણવાડી કાર્યકર દ્વારા જ્યાં કામગીરી કરવામાં આવે ત્યાં શાળા બહારના બાળક દીઠ રૂ.૫/- (રૂપિયા પાંચ પૂરા) બાળકની ઓળખ અને એસ.એમ.સી.ના પ્રમાણીકરણના આધારે એસએમસી/સીઆરસી/બીઆરસી કક્ષાએથી માગણાપત્રક મોકલી આપવાનું થાય છે. અને ત્યારબાદ આ ચુકવણું કરવામાં આવશે.</u>
- શાળા કક્ષાએ ઉપલબ્ધ VER/WER માં શાળા બહારના બાળકોની નોધ કરવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- આધાર ડાયસના ડ્રોપઆઉટ બાળકોનું સી.આર.સી./મુખ્ય શિક્ષક દ્વારા ક્રોસવેરીફીકેશન કરવાનું રહેશે.
- સર્વેમાં સ્વેચ્છિક સસ્થાઓનો વિના મુલ્યે સહકાર લેવાનો થાય છે..
- ભરાયેલ સર્વે ફોર્મની આપવામાં આવેલ ગૂગલ લીંક ઓપન કરી એન્ટ્રી કરવાની રહેશે તેમાં દરેક વિગત સેવ કરવાની, જે ડીસેમ્બર ૨૦૧૮ અંતિત એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે.

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાને લઈને વર્ષ:૨૦૧૮-૧૯માં શાળા બહારના બાળકોનો સર્વે કરાવવાનો રહેશે તથા પત્રમાં આપેલ તારીખોમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

બિડાણ; પત્રક

તા.૧૧-૧૨-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# શાળા બહારના બાળકોનું સર્વે ફોર્મ વર્ષ ૨૦૧૮–૧૯

શાળાનું નામ : ........................................ ડાયસ કોડ : ........................
ગામ / વોર્ડનું નામ : ........................................ કલસ્ટરનું નામ : ........................
તાલુકો : ........................................ જિલ્લો : ........................
સર્વે રજી. નં. : ........................ ફોર્મ નં. ........................ સર્વે તારીખ : ........................

| | અટક | નામ | વાલીનું નામ |
|---|---|---|---|
| ૧. બાળકનું નામ : | | | |

૨. જન્મ તારીખ : DD MM YYYY જાતિ : ☐ (૧–કુમાર, ૨–કન્યા)

૩. પૂરૂ સરનામું : ઘર નં. ________ ________________

૪. વિસ્તાર/વોર્ડનું નામ : ________________ ૫. ગામ / શહેર : ☐ (૧–ગામ / ૨–શહેર)

૫. (અ) માહિતીનો સ્રોત : ☐ (૧–બાળક પોતે, ૨–વાલી , ૩–પડોશી / ગ્રામજન, ૪–અન્ય )

૬. વાલીનો વ્યવસાય : ________ (૧–મજુરી, ૨–નોકરી, ૩–વ્યવસાય, ૪–ધંધો, ૫–અન્ય (દા.ત.મદારી, નટ બજાણીયા,પશુપાલન)

૭. બાળક આંગણવાડીમાં જાય છે ? ☐ (૧–હા, ૨–ના)

૮. સામાજિક જૂથ : ☐ (૧– એસ.સી., ૨–એસ.ટી., ૩–ઓ.બી.સી., ૪–જનરલ)

૯. ધર્મ: ☐ (૧–હિન્દુ, ૨–મુસ્લિમ, ૩–શીખ, ૪–ખ્રિસ્તી, ૫–જૈન, ૬–અન્ય)

૧૦. બાળક દિવ્યાંગતા ધરાવે છે? ☐ (૧–હા, ૨–ના)

(અ)– દિવ્યાંગતાનો પ્રકાર ☐ (૧– શારીરિક, ૨– બૌધિક, ૩– માનસિક વર્તન, ૪–જીર્ણ સ્નાયુવિક સ્થિતી)

(બ) બાળક પાસે સિવિલ સર્જનનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર છે? ☐ (૧–હા, ૨–ના)

૧૧. શું બાળક વંચિત જૂથનો છે? ☐ (૧–હા, ૨–ના)

જો અનાથ હોય તો કોની સાથે રહે છે? ☐ (૧–સગાસંબંધિ, ૨–પાલક, ૩–અન્ય)
ક્યાં રહે છે ? ☐ (૧–પાલક સાથે, ૨–રેલવે સ્ટેશન, ૩–બસ સ્ટેશન, ૪–ઓબ્ઝરવેશન હોમ, ૫–નારી સંરક્ષણ ગૃહ, ૬–બાળ સંભાળગૃહ, ૭–કામના સ્થળે રહે, ૮–સડક પર)

૧૨. બાળક ક્યારે પણ શાળાએ ગયેલ છે ? ☐ (૧–હા, ૨–ના)
જો હા, તો ડ્રોપ આઉટનું ધોરણ: ☐ ડ્રોપ આઉટનો માસ ☐☐ અને વર્ષ ☐☐☐☐

૧૩. શાળા બહાર રહેવાનું કારણ. ☐ જો (નં.૧૧) અન્ય કોઈ કારણ હોય તો તેની વિગત: ________________

(૧–ભણવામાં રસ નથી, ૨– ઘરથી શાળાનું અંતર વધુ છે, ૩–ઘર કામ, ૪–સ્થળાંતર, ૫– આર્થિક નબળી સ્થિતી, ૬–એક થી વધુ વખત નાપાસ થવાથી, ૭–સામાજિક રીત રીવાજો, ૮–શાળાનો સમય અને પ્રણાલિ અનુકૂળ નથી, ૯– બાળકનું મૃત્યુ, ૧૦–વ્યવસાયલક્ષી અભ્યાસમાં જોડાયેલ છે ITI/Diploma, ૧૧–અન્ય કારણ )

**નોંધ : જો બાળક સ્થળાંતર/માઈગ્રેશન (નં.૪) કરતું હોય તો, માઈગ્રેશન ફોર્મમાં તેની વિગતો ભરવી.**

૧૪. બાળકની હાલની પ્રવૃત્તિ: ☐ જો (નં.૭) અન્ય કોઈ પ્રવૃત્તિ કરતો હોય તો તેની વિગત: ________________

(૧–નાના ભાઈ/બહેનની દેખભાળ, ૨–ઘરે રહે છે, ૩–કુટુંબને આર્થિક મદદ કરે છે, ૪–HIV- ગ્રસ્ત બાળક, ૫–કચરો વિણવા જાય છે, ૬–દેહવ્યાપાર કરતી સ્ત્રીના બાળકો, ૭–અન્ય)

૧૫. બાળકને ઘરેથી લાવવા–લઈ જવા માટે આરટીઈ એકટના નોર્મ્સ મુજબ ટ્રાન્સપોર્ટેશનની જરૂરીયાત છે? ☐ (૧–હા /૨–ના)
જો હા તો કારણ : ☐ (૧–શાળાનું અંતર, ૨–ટ્રાફિકની સમસ્યા, ૩–પહાડી વિસ્તાર, ૪–રણ વિસ્તાર, ૫–જંગલ વિસ્તાર, ૬–નદી/તળાવ, ૭–વાલી સંપર્ક)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરોકત સર્વે ફોર્મમાં દર્શાવેલ વિગતો સાચી છે તેની પૂર્તતા સ્થળ તપાસ દ્વારા ક્રોસ ચેકીંગના આધારે કરવામાં આવેલ છે.

સર્વે કરનારની સહી: ________________ મુખ્ય શિક્ષકની સહી : ________________
સર્વે કરનારનું નામ : ________________ મુખ્ય શિક્ષકનું નામ : ________________
મોબાઈલ નંબર : ________________ મોબાઈલ નંબર : ________________
શાળાનો ડાયસ કોડ : ________________